सत्यमेव जयते

રજુ તારીખ	૧૩	૦૭	૨૦૨૩
દાખલ તારીખ	૧૩	૦૭	૨૦૨૩
નિકાલ તારીખ	૨૯	૦૬	૨૦૨૬
અવધિ	૦૨વર્ષ	૧૧માસ	૧૬દિવસ

ફોજદારી કેસ નં.૬૭૧૮૫/૨૦૨૩
આંક – ૨૦

Form -A

<table>
<tr><td colspan="2">

અમદાવાદ શહેર ના મહેરબાન વીસમાં અધીક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ,

કોર્ટ નં. ૩૮, અમદાવાદ શહેર

અંકિત વિષ્ણુપ્રસાદ પટેલ

વીસમાં અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ શહેર

GJ01181

ચુકાદાની તારીખ - ૨૯/૦૬/૨૦૨૬

ક્રિમિનલ કેસ નં. - ૬૭૧૮૫/૨૦૨૩

એફ.આઈ.આર નં. - ----------------

(વટાવખત અધિનિયમ હેઠળની ફરીયાદ)
</td></tr>
<tr><td>ફરીયાદી</td><td>સુદર્શન કો.ઓપ ક્રેડીટ સોસાયટી
લીમીટેડના સેક્રેટરી
કાર્તીકભાઈ પ્રવિણભાઈ ભટ્ટ
ઉ.વ.આ.૩૭, ધર્મે–હિન્દુ, ધંધો–નોકરી
ઠે. – ૨૦૫, ગીરીવર શોપ્સ, એમ.બી. પટેલ
હોસ્પિટલ નીચે, વસ્ત્રાલ રીંગ રોડ, વસ્ત્રાલ,</td></tr>
</table>

	અમદાવાદ.
ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી	વિ.વ.શ્રી. હિરેન પી. શાહ
આરોપી	આશીષકુમાર નારણભાઈ દેસાઈ રહે–રબારી વાસ, કનીજ ગામ, તા.મહેમદાબાદ, જી.ખેડા–૩૮૭૧૨૦
આરોપી તર્ફે વિ.વ.શ્રી	વિ.વ.શ્રી શ્યામ વી. કોષ્ટિ

Form -B

બનાવ તારીખ	--------------------
એફ.આઇ.આર. તારીખ	--------------------
ચાર્જશીટ દાખલ તારીખ	--------------------
ચાર્જફ્રેમ (પ્લી) કર્યા તારીખ	૨૯/૦૪/૨૦૨૪
પુરાવો ચાલુ થયા તારીખ	--------------------
ચુકાદો અનામત રાખ્યા તારીખ	૨૯/૦૬/૨૦૨૬
ચુકાદા તારીખ	૨૯/૦૬/૨૦૨૬
સજા કરી હોય તો સજા તારીખ	૨૯/૦૬/૨૦૨૬

આરોપી નં.	આરોપીનુ નામ	અટક કર્યા તારીખ	જામીન પર છોડ્યા તારીખ	ગુનો	તકસીરવાન / નિર્દોષ	સજા	સી.આર.પી.સી. ની કલમ ૨૪૮ હેઠળ કસ્ટડી માં રહેલ સમય
૧	આશીષકુમાર નારણભાઈ દેસાઈ	–	–	વટાવખત અધિનિય મની કલમ ૧૩૮	તકસીરવાન	૦૬(છ માસ) ની સજા તથા વળતર	–––

Form - C

<u>ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તર્ફે સાહેદ લીસ્ટ</u>

<u>એ. / ફરીયાદપક્ષે સાહેદ લીસ્ટ</u>

ફરી. સાહેદ નં.	સાહેદનુ નામ	સાહેદનો પ્રકાર	આંક
ફરી. સાહેદ નં. ૧	કાર્તીકભાઈ પ્રવિણભાઈ ભટ્ટ	ફરીયાદી	૦૩

બી. / બચાવપક્ષે સાહેદ લીસ્ટ

સાહેદ નં. / આંક	**સાહેદનુ નામ**	**સાહેદનો પ્રકાર**
-----------	-----------	-----------

સી. / કોર્ટપક્ષે સાહેદ લીસ્ટ

સાહેદ નં. / આંક	**સાહેદનુ નામ**	**સાહેદનો પ્રકાર**
-----------	-----------	-----------

ફરીયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તર્ફે આંક ::

એ. / ફરીયાદપક્ષે આંક

અનુક્રમ નં.	**વિગત**	**આંક**
૧.	ફરિયાદી મંડળીની નોંધણી સહકારી મંડળીના રજીસ્ટ્રાર સમક્ષ થયેલ સર્ટીફીકેટની કોપી	આંક–૦૮
૨.	ફરિયાદી મંડળી દવારા ફરિયાદીને આપવામાં આવેલ સત્તા અને અધિકાર અંગેનો ઠરાવ	આંક–૦૯
૩.	આરોપીના ખાતાનો ઉતારો	આંક–૧૦
૪.	તકરારી ચેક નં.૦૦૦૦૩૪	આંક–૧૧
૫.	ચેક નં.૦૦૦૦૩૪ નો રીર્ટર્ન મેમો	આંક–૧૨
૬.	નોટીસની સ્થળપ્રત	આંક–૧૩
૭.	આર.પી.એ.ડી.ની સ્લીપ	આંક–૧૪
૮.	ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ	આંક–૧૫

બી. / બચાવપક્ષે આંક

અનુક્રમ નં.	**આંક**	**વિગત**
-----------	-----------	-----------

સી. / કોર્ટ તર્ફે આંક

અનુક્રમ નં.	**આંક**	**વિગત**
-----------	-----------	-----------

<u>કબ્જે કરેલ મુદામાલ</u>

અનુક્રમ નં.	**આર્ટીકલ નંબર**	**વિગત**
-----------	-----------	-----------

તારીખ :: ૨૯/૦૬/૨૦૨૬
અમદાવાદ

અંકિત વિષ્ણુપ્રસાદ પટેલ
વીસમાં અધિક ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૩૮,
અમદાવાદ સીટી, અમદાવાદ
GJ01181

– : ચુ કા દો : –

1. ફરીયાદી દ્વારા હાલની ફરીયાદ વટાવખત અધિનિયમ, 1881 (જે કાયદાને હવે પછી હાલના ચુકાદામાં સંક્ષિપ્તમાં "અધિનિયમ" તરીકે દર્શાવવામાં આવેલ છે.) ની કલમ ૧૩૮ નીચે આ કામના આરોપી સામે ફરિયાદના રુપમાં કરવામાં આવી છે.

2. ફરીયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કાયદેસરની નોંધાયેલ મંડળી છે. આરોપી દવારા ફરિયાદી મંડળી પાસેથી ધંધાકીય હેતું સારું લોન મેળવવામાં આવેલ હોઈ ફરિયાદી આરોપીને ઓળખે છે. ફરિયાદીએ આરોપીને જાન્યુઆરી–૨૦૨૧ માં ધંધાકીય હેતુ સારું લોન આપવામાં આવેલ ત્યારે ફરિયાદી અને આરોપી વચ્ચે કાયદેસરનો કરાર કરવામાં આવેલ. ફરિયાદી તેમજ આરોપી વચ્ચે કરવામાં આવેલ કરારની શરતો મુજબ કરાર દવારા મેળવવામાં આવેલ નાણાં માસીક હપ્તાઓમાં ફરિયાદીને નિયમિત રીતે પરત ચુકવવા બંધાયેલા તેમજ સંમત થયેલા. આરોપી દવારા નિયમિત રીતે નાણાં ચુકવવામાં ઘોર ઉપેક્ષા તેમજ બેદરકારી દાખવતાં ફરિયાદીએ કાયદેસરના લેણાં નાણાંની માંગણી કરતા આરોપીએ ફરિયાદી સાથેના તમામ

હિસાબો સમજી સેટલમેન્ટ રકમ તરીકે રૂા.૧,૮૫,૩૪૧/- (અંકે રૂપિયા એક લાખ પંચ્યાસી હજાર ત્રણસો એકતાલીસ પુરા)ની રકમ નકકી કરી સદર રકમની ચુકવણી પેટે ચુકો બેંક, ન્યુ કલોથ માર્કેટ શાખાનો તા.૧૩/૦૩/૨૦૨૩ નાં રોજનો ચેક નં .૦૦૦૦૩૪ સહી મતુ કરી લખી આપેલ. સદર ચેક ફરિયાદીએ તેમની ધી અમદાવાદ ડિસ્ટ્રીકટ કો.ઓ.બેંક.લિ., વસ્ત્રાલ શાખામાં આવેલ ખાતામાં ભરતાં તા.૨૭/૦૪/૨૦૨૩ નાં રોજ ''ફંડઝ ઈનસફીશીયન્ટ''ના શેરા સાથે પરત આવેલ. આમ, ફરિયાદીને તેમની રકમ પરત મળેલ નથી.

3. સદર ચેક પરત ફરતાં ફરીયાદીએ આરોપીને તેમના વકીલશ્રી મારફતે તા.૨૬/૦૫/૨૦૨૩ નાં રોજ નોટીસ આપેલ અને આરોપીને તે નોટીસ તા.૩૧/૦૫/૨૦૨૩ નાં રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીને ચેક મુજબની રકમ ચુકવેલ નથી તેથી હાલની ફરીયાદ દાખલ કરવા ફરજ પડેલ છે.

4. અંતમાં ફરિયાદી દ્વારા તેમની ફરિયાદ માં દાદ માંગવામાં આવેલ છે કે આરોપીને સમન્સ ઈશ્યુ કરી, કોર્ટમા બોલાવી, ગુન્હો સાબિત થયેથી સખતમાં સખત કેદની સજા કરવા તેમજ ચેકની રકમનો ડબલ દંડ કરવા તેમજ ફરિયાદીને વ્યાજ સહિત યોગ્ય વળતર અપાવવા તેમજ કાયદાની જોગવાઈ મુજબ સજા કરી યોગ્ય નસીયત કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

5. સદર ફરીયાદ દાખલ થતાં આરોપીને સમન્સ કરવાનો હુકમ મારા પુરોગામી વિ.ન્યાયાધીશ શ્રી દ્વારા કરવામાં આવેલ છે અને આરોપીને સમન્સ બજી જતાં તેઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર રહેલ છે અને

તેમને કેસ પેપર્સની નકલ આપ્યા બાદ આંક-૦૭ થી પ્લી નોંધવામાં આવી છે જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઇન્કાર કરેલો છે જેથી કેસમાં આગળની કાર્યવાહી ચલાવવામાં આવી છે.

6. ફરિયાદીએ પોતાની ફરિયાદના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી તથા મૌખીક પૂરાવા રજુ કર્યા છે.

મૌખીક પુરાવા

ફરી. સાહેદ નં.	સાહેદનુ નામ	સાહેદનો પ્રકાર	આંક
ફરી. સાહેદ નં. ૧	કાર્તીકભાઈ પ્રવિણભાઈ ભટ્ટ	ફરીયાદી	૦૩

દસ્તાવેજી પુરાવા

અનુક્રમ નં.	વિગત	આંક
૧.	ફરિયાદી મંડળીની નોંધણી સહકારી મંડળીના રજીસ્ટ્રાર સમક્ષ થયેલ સર્ટીફીકેટની કોપી	આંક-૦૯
૨.	ફરિયાદી મંડળી દવારા ફરિયાદીને આપવામાં આવેલ સત્તા અને અધિકાર અંગેનો ઠરાવ	આંક-૧૦
૩.	આરોપીના ખાતાનો ઉતારો	આંક-૧૧
૪.	તકરારી ચેક નં.૦૦૦૦૩૪	આંક-૧૨
૫.	ચેક નં.૦૦૦૦૩૪ નો રીર્ટર્ન મેમો	આંક-૧૩
૬.	નોટીસની સ્થળપ્રત	આંક-૧૪
૭.	આર.પી.એ.ડી.ની સ્લીપ	આંક-૧૫
૮.	ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ	આંક-૧૬

7. સદર કામે આરોપી હાજર રહેતાં ન હોવાથી ફરીયાદીની આરોપી તર્ફેની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

8. ફરિયાદપક્ષ દ્વારા ઉપરોક્ત પુરાવા રજુ કર્યા બાદ વધુ પુરાવા રજુ કરવા ન હોય તે અંગે આંક-૧૭ ની પુરસીસથી જાહેરાત કરી છે.

9. આ કામે ફરીયાદપક્ષે પુરાવો રજુ થયા બાદ આરોપી વિરૂધ્ધ પુરાવો

જણાતાં, આરોપીનુ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવુ જરૂરી છે પરંતુ સદર કામે આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે આરોપી હાજર રહેલ નથી તેથી તેમના તર્ફે ફરીયાદીની ઉલટતપાસ કરવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તેમજ ત્યારબાદ સદર કામે વધારાનુ નિવેદન તૈયાર કરીને કામમાં સાામેલ રાખવામાં આવેલ છે તેમ છતાં ત્યારબાદ પણ આરોપી હાજર રહેતાં ન હોવાથી આરોપીના વધારાના નિવેદનનો હક્ક પણ સ્થગિત કરવામાં આવેલ છે તેથી સદર કામે આરોપીનુ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી. તે બાબતે ગુજરાત રાજ્યની નામદાર વડી અદાલતના મનોજ વાસુદેવ સોમપુરા વિ. ગુજરાત રાજ્ય[1] ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવેલ છે.

10. આરોપી તર્ફે કોઇ પ્રકારના દસ્તાવેજી કે મૌખીક પુરાવા રજુ કરવામાં આવેલ નથી અને આરોપી તર્ફે તેમનુ વધારાનુ નિવેદન પણ આપવામાં આવેલ નથી તે સંજોગોમાં સદર કામે આરોપી તર્ફે કોઇ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી.

11. સદર કામે હાલના કેસની કાર્યવાહી સમન્સ કેસ પધ્ધતીથી ચલાવવા બાબતનો હુકમ કરવામાં આવેલ છે અને તેથી સદર હુકમ મુજબ હાલના કેસની ઇન્સાફી કાર્યવાહી સમન્સ કેસ પધ્ધતીથી ચલાવવામાં આવેલ છે.

12. હાલના કામે ફરીયાદીના વિ.વ.શ્રી દ્રારા મૌખીક દલીલો કરીને જણાવેલ છે કે,આ કામે આરોપીએ ફરિયાદીના આરોપી પાસે બાકી નીકળતાં કાયદેસરના લેણાં પેટે આરોપી દ્રારા તકરારી ચેક આપવામાં આવેલ હતો જે ચેક બેંકમાં રજુ કરવામાં આવતાં તે પરત ફરેલ છે અને તેથી આરોપીને નોટીસ આપવામાં આવેલ છે અને તે નોટીસનો

1 Special Criminal Application No. 6721 of 2023

આરોપી તર્ફે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી તેમજ તે નોટીસ મુજબ કોઇ રકમ ચુકવેલ નથી અને આરોપી ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર પણ રહેલ નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદીની તરફેણના અનુમાનોનુ બચાવ પક્ષ દ્વારા ખંડન કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં તકરારી ચેક તે કાયદેસરની લેણી રકમ માટે જ આપવામાં આવેલ હોવાનુ અનુમાન કરવુ જરૂરી છે અને તે અનુમાનના આધારે આરોપીને સદર કામે તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા તથા ચેકની રકમથી બમણી રકમનુ વળતર ફરીયાદીને અપાવવા અરજ કરેલ છે.

13. હાલના કામના આરોપી હાજર રહેતાં ન હોઈ તેમના તર્ફે ની ફરીયાદી ની ઉલટતપાસ નો હક્ક પણ બંધ કરવામાં આવેલ છે તેમજ વધારાના નિવેદનનો હક્ક સ્થગિત કરવામાં આવેલ છે અને ત્યારબાદ પણ આરોપી હાજર રહેતાં ન હોવાથી આરોપીની દલીલોનો હક્ક પણ બંધ કરવામાં આવેલ હોવાથી સદર કામે આરોપી તર્ફે કોઈ પણ પ્રકારની દલીલો સાંભળવામાં આવેલ નથી.

14. ઉપરોક્ત પ્લીડીંગ્સ, પૂરાવા તથા પક્ષકારોની રજુઆતો ધ્યાને લેતા હાલની ફરિયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબા મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે?

(૨) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, આરોપીએ વટાવખત અધિનીયમની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૩) શું હુકમ?

15. ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબ નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) આખરી હુકમ મુજબ.

16. ઉપરોક્ત નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

<u>:: કા ર ણો ::</u>

17. **<u>મુદા નં. ૧ :: શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે?</u>**

<u>મુદા નો જવાબ :: હકારમા.</u>

17.1 આ કામે ફરીયાદ તથા ફરીયાદી તર્ફે રજુ દસ્તાવેજી તેમજ મૌખીક પુરાવાઓ ધ્યાને લેવામાં આવે તો હાલની ફરીયાદ મુજબ આ કામે આરોપી દવારા ફરિયાદી પાસેથી ધંધાકીય હેતુ સારું લોન મેળવવામાં આવેલ. જેની રકમ પરત ચુકવવા માટે આરોપી દ્વારા તકરારી ચેક આપવામાં આવેલ હતો જે ચેક ફરીયાદીએ તેમની બેંકમાં રજુ કરતાં ''ફંડઝ ઈનસફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલ છે. ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીને વટાવખત અધિનિયમની કલમ ૧૩૮ મુજબ કાયદેસરની નોટીસ આપેલી.

17.2 મુદા નં. ૧ ના તારણ સુધી પહોંચવા માટે આ કામે ફરીયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ પુરાવો જોવામાં આવે તો ફરીયાદીએ આંક ૦૩ થી તેમની સરતપાસ આપવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. સદર કામે હાલની ફરીયાદ સાથે ફરીયાદી તર્ફે ઉપરોક્ત લીસ્ટમાં દર્શાવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

17.3 સદર ફરીયાદીની બચાવપક્ષ દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ નથી અને તે સંજોગોમાં આરોપી તર્ફે કોઇ પણ પ્રકારનો બચાવ રેકર્ડ ઉપર આવેલ નથી. આરોપી દ્વારા ફરીયાદીની નોટીસનો જવાબ આપવામાં આવેલ હોય તેવો કોઇ જવાબ પણ હાલના કામે રેકર્ડ ઉપર આવેલ નથી તે સંજોગોમાં સદર કામે બચાવપક્ષ દ્વારા કોઇ પણ પ્રકારનો બચાવ રેકર્ડ ઉપર આવેલ હોવાનુ જણાઇ આવતુ નથી. વિશેષમાં આરોપીએ ફરિયાદીને ફરિયાદમાં

જણાવેલ તકરારી ચેકની રકમ પરત કરેલ હોઈ, તેવો કોઈ પુરાવો હાલના કામે આરોપીપક્ષે રજૂ થયેલ નથી.

17.4 આ કામે જોવામાં આવે તો અધિનિયમમાં કરેલ જોગવાઈ મુજબ અનુમાનોનુ ખંડન કરતો પુરાવો આરોપી દ્વારા રજુ કરવામાં ન આવે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધ અધિનીયમ ની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા મેસર્સ કુમાર એક્સપોર્ટ વિ. વિનોદ શર્મા[2] ના ચુકાદામાં પારા–૧૧માં અનુમાનો ક્યારે કરી શકાય અને અનુમાનોનુ ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ છે. સદર ચુકાદાને માનપુર્વક વંચાણે લેતાં, અનુમાનોનુ ખંડન કરી શકે તે મુજબના પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનુ ખંડન થાય છે તેવુ માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ અથવા તેવો બચાવ આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ તે ધ્યાને લેવુ પડે.

17.5 તે બાબતે જોવામાં આવે તો આરોપી દ્વારા હાલના કામે કોઈ પ્રકારનો બચાવ લેવામાં આવેલ નથી અને બચાવ કરવા માટે આરોપી હાજર પણ રહેલ નથી. આરોપી દ્વારા કોઇ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી કે આરોપી દ્વારા તેઓ સદર રકમ આપવા બંધાયેલ ન હોવાનુ કે સદર ચેક તે આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી માટે આપેલ ન હોવા બાબતની કોઇ જ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. તે માટે આરોપી દ્વારા પુરાવો આપવો જરૂરી નથી પરંતુ ફરીયાદીની ઉલટતપાસ પણ આરોપી દ્વારા કરવામાં આવેલ ન હોવાથી આરોપી તેમના વિરૂધ્ધના અનુમાનોનુ ખંડન કરવામાં સફળ નીવડેલ હોય તેમ માની શકાય નહી. વધુમાં સદર કામે આરોપીનો ચેક ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે કોઇ જ હકીકત બચાવપક્ષ તર્ફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી.

2 2009 (2) G.L.R. 1240

17.6 આ કામે જોવામાં આવે તો બચાવપક્ષ તર્ફે એવી કોઈ તકરાર લેવામાં આવેલ નથી કે, ફરીયાદી દ્વારા જે ચેક રજુ કરવામાં આવેલ છે તે ચેકમાં આરોપીની સહી નથી કે તે ચેક આરોપીના ખાતાનો નથી. એ હકીકત સ્પષ્ટ થતાં હવે અધિનિયમની ઉપરોક્ત ચર્ચેલ કલમ ૧૧૮, ૧૩૯ મુજબના અનુમાનો પેચી અને હોલ્ડર ઈન ડ્યુ કોર્સ ના લાભમાં થાય છે અને આ અનમુાનો ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહેલ છે. જે અનુમાનો મુજબ, ફરીયાદવાળો જે ચેક છે, તે કાયદેસરના દેવાની ચુકવણી માટે અથવા અન્ય જવાબદારી ફેડવા માટે આપવામાં આવેલ હતો. આમ, આ તમામ હકીકતે ફરીયાદીએ મુદા નં. ૧ નિઃશંકપણે સાબીત કરેલ છે કે ફરીયાદીને આરોપી દ્વારા આપવામાં આવેલ ચેક આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે.

17.7 વધુમાં હાલના કામે રંગપ્પા વિ. શ્રી મોહન[3]નો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ઠરાવવામાં આવેલ કે, જ્યારે ચેક પરત ફરેલ હોવાની હકીકત સાબીત થાય ત્યારે આરોપીએ તેમના કેસનો બચાવ કરવો જરૂરી છે અને તેની રજુઆત કરવી જરૂરી છે અને ફરીયાદી દ્વારા જ્યારે પ્રથમ દર્શનીય કેસ પુરવાર થાય તો તે સંજોગોમાં આક્ષેપો અને અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપીની છે અને આરોપી તરફથી અપાયેલ ચેક આરોપીએ લીધેલ રકમના અનુસંધાને કાયદેસરની જવાબદારી પરીપુર્ણ કરવા માટે અપાયેલ હોય તેવુ પુરવાર કરવામાં જ્યારે ફરીયાદપક્ષ સફળ નીવડેલ છે ત્યારે અધિનિયમની કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ ના સ્ટેટ્યુટરી પ્રીઝમ્પશન cogent & convincing એવીડન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનીય માન્ય રાખી શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવો જોઇએ. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારી[4]ના ચુકાદામાં પણ નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

10. Therefore, in the present case since the cheque as well as the signature has been accepted by the accused respondent, the

3 Criminal Appeal No. 1020 of 2010 In the Hon'ble Supreme Court of India
4 A.I. R. 2015 S.C 2240

presumption under Section 139 would operate. Thus, the burden was on the accused to disprove the cheque or the existence of any legally recoverable debt or liability . To this effect , the accused has come up with a story that the cheque was given to the complainant long back in 1999 as a security to a loan ; the loan was repaid but the complainant did not return the security cheque. According to the accused, it was that very cheque used by the complainant to implicate the accused . However, it may be noted that the cheque was dishonoured because the payment was stopped and not for any other reason . This implies that the accused had knowledge of the cheque being presented to the bank, or else how would the accused have instructed her banker to stop the payment. Thus , the story brought out by the accused is unworthy of credit , apart from being unsupported by any evidence.”

17.8 આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યા મુજબ જ્યારે ચેક તથા સહી આરોપીએ સ્વિકૃત કરેલ હોય ત્યારે ચેક કોઈ કાયદેસરનુ લેણુ કે જવાબદારી માટે આપવામાં આવેલ નથી તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. હાલના કેસમાં આરોપી દ્બારા કોઈ પણ પ્રકારનો બચાવ રજુ કરેલ નથી. આ કામના આરોપીએ અધિનીયમની કલમ ૧૧૮ તથા ૧૩૯ મુજબના ફરીયાદીની તરફેણના અનુમાનોને રીબર્ટ કરતો કોઈ પણ પ્રકારનો બચાવ કે પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનુ ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરીયાદીને આપેલ તકરારી ચેક ફરીયાદીને કાયદેસરની લેણી થતી રકમ પેટે આપેલ હોવાનુ પુરવાર માનવામાં આવે છે અને સદર તકરારી ચેક પરત ફરેલ હોય અને આરોપીએ ફરીયાદીને નાણા ચુકવેલ ન હોય મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

18. <u>મુદા નં. ૨ :: શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબીત કરે છે કે, આરોપીએ વટાવખત અધિનીયમની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?</u>

<u>મુદા નો જવાબ :: હકારમાં</u>

18.1 આ કામે મુદા નં. ૨ બાબતે જોવામાં આવે તો અધિનીયમની કલમ ૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે તે બાબતે ચર્ચા કરવામાં આવે તો આરોપીએ ફરીયાદીને આપેલ ચેક તે કાયદેસરના દેવાની ચુકવણી માટે અથવા અન્ય જવાબદારી ફેડવા માટે આપવામાં આવેલ હતો તેમ જ્યારે માનવામાં આવેલ છે ત્યારે સદર ચેક જ્યારે બેંકમાં ફરીયાદી દ્વારા રજુ કરવામાં આવે ત્યારે સદર ચેકમાં જણાવ્યા મુજબની રકમ ફરીયાદીને મળવી જરૂરી છે અને આ કામે આંક-૧૨, થી રજુ રીટર્ન મેમો ધ્યાને લેવામાં આવે તો આરોપીએ ફરીયાદીને આપેલ ચેક તે ''ફંડઝ ઈનસફીશીયન્ટ'' ના કારણે પરત ફરેલ છે અને જ્યારે તે પરત ફરેલ ત્યારબાદ ફરીયાદી દ્વારા આરોપીને આંક-૧૩, વાળી નોટીસ આપવામાં આવેલ છે. પરંતુ આરોપી દ્વારા ફરીયાદીને ચેકની રકમ પરત કરવામાં આવેલ નથી કે હાલની ફરીયાદ દાખલ કર્યા બાદ પણ આરોપી દ્વારા ફરીયાદીને ચેકની રકમ પરત કરેલ નથી.

18.2 આમ, આરોપી દ્વારા ફરીયાદીને કાયદેસરના લ્હેણા પેટે ચેક આપવામાં આવેલ છે અને તે ચેક પરત ફર્યા બાદ આરોપી દ્વારા ફરીયાદીને સદર રકમ પરત કરેલ નથી. આમ, જ્યારે ફરીયાદીને આરોપીએ ચેક આપેલ હોવાનુ અનુમાન કાયદા મુજબ કરવામાં આવેલ છે તે સંજોગોમાં સદર રકમ પરત ચુકવવાની જવાબદારી જ્યારે આરોપીની થાય છે અને તે રકમ આરોપીને નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ચુકવવામાં ન આવે અને તે બાબતની ફરીયાદ કરવી પડે તો તે સંજોગોમાં અધિનિયમની કલમ ૧૩૮ના તત્વો ને ધ્યાને લેવા જરૂરી થઇ પડે છે.

<u>તત્વ (૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઇએ.</u>

અધિનિયમની કલમ ૧૩૮ મુજબ જોવામાં આવે તો ફરીયાદીએ સાબીત કરવુ જરૂરી છે કે, કોઇ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઇએ જે હકીકત ફરીયાદી દ્વારા મુદા નં. ૧ લગત સાબીત કરવામાં આવેલ છે.

<u>તત્વ (૨) ચેકના લખનાર વ્યક્તિના ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે જ ચેકનો અનાદાર થયેલ હોવો જોઇએ.</u>

આ કામે આંક–૧૨, વાળો રીટર્ન મેમો જોવામાં આવે તો આરોપીએ ફરીયાદીને આપેલ ચેક તે ''ફંડઝ ઈનસફીશીયન્ટ'' ના કારણે પરત ફરેલ હોવાનુ જણાઇ આવે છે અને તે બાબતે આરોપી દ્વારા ચેક રજુ કરવામાં આવેલ તે સમયે તેમના ખાતામાં પુરતા નાણાં હોવા બાબતની કોઇ રજુઆત કરવામાં આવેલ નથી.

<u>તત્વ (૩) ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં (સુધારા મુજબ ત્રણ માસ) કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઇએ.</u>

આ કામે અધિનિયમની કલમ ૧૩૮ મુજબના તત્વો મુજબ સદર ચેક, ચેક લખ્યા તારીખથી છ માસની સમયમર્યાદામાં (સુધારા મુજબ ત્રણ માસ) કલીયર થવા માટે બેન્કમાં રજુ થયેલ હોવો જોઇએ. આ કામે ફરીયાદવાળો ચેક તા.૧૩/૦૩/૨૦૨૩ ની તારીખનો લખવામાં આવેલ છે જે ચેક તા.૨૭/૦૪/૨૦૨૩ નાં રોજ પરત ફરેલ છે અને આમ, સદર તત્વ મુજબ પણ સમયમર્યાદામાં તે ચેક ફરીયાદી દ્વારા બેંકમાં રજુ કરવામાં આવેલ છે.

<u>તત્વ (૪) ચેકનો અનાદર થયા બાદ બેન્ક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર (હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટીસ આપીને ચેકમાંની રકમની માગણી કરેલી હોવી જોઇએ.</u>

આ કામે સદર ચેક તા.૨૭/૦૪/૨૦૨૩ ના રોજ પરત ફર્યા બાદ તા.૨૬/૦૫/૨૦૨૩ નાં રોજ ફરીયાદી દ્વારા તે ચેક પરત ફર્યા બાબતની નોટીસ આપવામાં આવેલ છે. આમ, ફરીયાદી દ્વારા સદર ચેક પરત ફર્યા

બાબતની નોટીસ પણ સમયમર્યાદામાં આપવામાં આવેલ છે.

<u>તત્વ (૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઇએ.</u>

સદર કામે આરોપીને નોટીસ મળેલ ન હોવા બાબતનો કોઇ સ્પષ્ટ બચાવ લેવામાં આવેલ નથી. આ કામે આંક–૧૫, થી ટ્રેક કન્સાઈનમેન્ટ રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે તે ધ્યાને લેતા અને આરોપીને રજી.પો.એ.ડી. થી નોટીસ મોકલવામાં આવેલ હોવા બાબતની હકીકત ધ્યાને લેતાં આરોપીને નોટીસ તા.૩૧/૦૫/૨૦૨૩ નાં રોજ બજી ગયેલ હોવાનું માનવાને રહે છે. સદર નોટીસ મોકલ્યા બાદ આરોપી દ્રારા કોઇ રકમ ચુકવવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ હાલની ફરીયાદ તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ દાખલ કર્યા બાદ પણ આરોપી દ્રારા કોઇ રકમની ચુકવણી કરવામાં આવેલ હોય તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી.

<u>તત્વ (૬) દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઇએ.</u>

આ કામે ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપી દવારા ફરિયાદી પાસેથી ધંધાકીય હેતુ સારું લોન મેળવવામાં આવેલ. જેની રકમ પરત કરવા માટે આરોપી દ્રારા ફરીયાદવાળો ચેક આપવામાં આવેલ હતો. તે દેવા કે જવાબદારી સ્વરૂપની માની શકાય તેમ છે અને તેનો કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેમ પણ છે.

18.3 વધુમાં આ કામે આરોપીને તેઓની સામે હાલનો કેસ નામદાર કોર્ટ પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં કેસની કાર્યવાહી માટે હાજર રહેલ નથી. ચેક રીર્ટનના કેસોનો કોર્ટોમાં ખૂબજ ભરાવો છે. જો કેસના દરેક તબકકે આરોપીને પકડ વોરંટ ઈસ્યુ કરી હાજર રખાવવા પ્રયત્નો કરવામાં આવે તો ચેક ના કેસોનો નિકાલ કરવાનું કામ ખૂબજ મુશ્કેલ બની રહે.

આરોપીને તેઓની સામે કેસની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહેલ હોવાન જાણમાં છે તેમ છતાં હાજર ન રહી કેસની કાર્યવાહી વિલંબિત કરવાના ઈરાદાથી હાજર રહેલ ન હોવાનુ આરોપીના વર્તન ઉપરથી જણાઈ આવે છે. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે છે. આમ આરોપી તેઓની સામેના કેસમાં કોઈ બચાવ રજૂ કરવા માગતા નથી તેવુ અનુમાન કરી શકાય. તેમજ આ કામે Hon'ble Supreme Court in case, In Re: Expeditious Trial of cases under Section 138 of N.I.Act 1881, AIR 2021 SC 1957 નો ચુકાદો વંચાણે લેતા પણ કેસોની ઝડપી ટ્રાયલ ચલાવવા સબંધે જે સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેને લક્ષમાં લેતા કેસની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે તથા ઝડપી આગળ ચલાવવી જરૂરી જણાયેલ છે. વધુમાં, આરોપી તરફે એકટની કલમ–૧૪૫(૨) મુજબની અરજી આપેલ નથી. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટે મનોજ વાસુદેવ સોમપુરા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કામે સ્પે. ક્રિમીનલ એપ્લીકેશન નં.૬૭૨૧/૨૦૨૩, તા.૧૫/૦૯/૨૦૨૩ ના રોજ** આપેલ ચુકાદો હાલના કેસના ગુણદોષ ઉપર નિર્ણય કરવા માટે મહત્વનો છે. જેના પેરા–૧૪ નીચે મુજબ રીપ્રોડયુસ કરેલ છે

14.Considering the facts and circumstances of the case, this Court is of the opinion that the trial Court was completely justified in passing the impugned judgment and order. The decision to not conduct cross-examination of the complainant in spite of repeated opportunities and to not remain present on the next date of trial when his Further Statement u/s. 313 of Cr.P.C. recorded on the earlier date was to be exhibited was a

deliberate, intentional and conscious decision on the part of the petitioner. It was not that the petitioner was not aware about the stage of trial proceedings. However, deliberately, the petitioner had chosen to remain absent from the trial proceedings from the date his Further Statement u/s. 313 of Cr.P.C. was recorded but before it could be exhibited.

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો લક્ષમાં લેતા આરોપીને જાણ હોવા છતાં અને પુરતી તકો આપવા છતાં ઈરાદાપુર્વક ગેરહાજર રહે તો તેમના વિરુધ્ધ કેસનો ન્યાયિક નિર્ણય તેમની ગેરહાજરીમાં થઈ શકે. વધુમાં રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાને આધારે આ કામના તોહમતદારે ફરીયાદી પાસેથી લીધેલ રકમ પેટે તકરારી ચેક કાયદેસરની દેવુ/જવાબદારી પરિપુર્ણ કરવા માટે અપાયેલ હોય તેવુ માનવાનું રહે છે. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને ૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમશન Cogent & convincing એવીડન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનીય માન્ય રાખી શકાય તેઓ ખંડનાત્મક પુરાવો આપવો જોઈએ તેવી જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી. ૨૨૪૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારીના ચુકાદામાં જયારે ચેક તથા સહી આરોપીએ સ્વીકૃત કરેલ હોય ત્યારે ચેક કોઈ કાયદેસરનુ લેણું કે જવાબદારી માટે આપવામો આવેલ નથી તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. આ કામના આરોપીએ એન.આઈ. એકટની કલમ ૧૧૮, ૧૩૯ મુજબના ફરિયાદીની તરફેણના અનુમાનોને રીબર્ટ

કરતો સંતોષકારક પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરિયાદીને આપેલ આંક–૧૧, નો ચેક ફરિયાદીને કાયદેસરની લેણી થતી રકમ પેટે આપેલ હોવાનું પુરવાર માનવામાં આવે છે અને આંક–૧૨, નાં રીર્ટન મેમોથી સદર ચેક પરત ફરેલ હોય અને માંગણી નોટીસ આપ્યા છતાં ફરિયાદીને આરોપીએ નાણાં ચુકવેલ નથી. જેથી નેગો. ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના તમામ તત્વો સાબિત થતા હોય, આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી મુદા નં.ર નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે.

:: હુકમ ::

- આ કામના આરોપી આશીષકુમાર નારણભાઈ દેસાઈ, રહે–રબારી વાસ, કનીજ ગામ, તા.મહેમદાબાદ, જી.ખેડા–૩૮૭૧૨૦ નાઓને વટાવખત અધિનિયમની (૧૮૮૧) ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ ૨૫૫(૨) અન્વયે સબબ તકસીરવાર/દોષિત ઠરાવવામાં આવે છે.
- સદર કામ સજા બાબતે પક્ષકારોને સાંભળવા માટે રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૯ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૯/૦૬/૨૦૨૬

અમદાવાદ

અંકિત વિષ્ણુપ્રસાદ પટેલ

વીસમા અધિક ચીફ જ્યુ. મેજી,

કોર્ટ નં. ૩૮,

અમદાવાદ શહેર, અમદાવાદ

GJ01181

<u>:: સજા બાબતે વધુ હુકમ ::</u>

1. હાલના કામે સજા બાબતે ફરીયાદી તરફે વકીલશ્રી હાજર હોય ફરીયાદપક્ષ તરફે તેમની રજૂઆત છે કે, આ કામના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં ચુકવેલ નથી. આરોપીની કસુરના કારણે ફરીયાદીને હાલની ફરીયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે વળતર અપાવવા અરજ ગુજારેલ છે. જયારે આરોપી કે તેમના વકીલશ્રીનો પોકાર કરાવવા છતાં હોઈ હાજર નથી.
2. આમ, જયારે આજ રોજ ચુકાદો જાહેર થવાના દિવસે પણ આરોપી સજાના પ્રમાણ અંગે કોઈ રજૂઆત કરવા માટે અદાલતમાં હાજર રહેલ નથી. આ ઉપરાંત હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ ન હોય, તેથી આરોપીને દોષિત ઠરાવ્યા બાદ સજાના પ્રમાણ અંગે સાંભળવા જરૂરી પણ નથી. તેમ છતાં આરોપીની ગેરહાજરીમાં આરોપીને દોષિત ઠરાવવાનો અને તેને સજા કરતો હુકમ કરવો ન્યાયોચિત કહી શકાય કે કેમ? તે અંગે ચર્ચા કરવામાં આવે તો સૌ પ્રથમ તો નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના <u>*Sharad Jethalal savla versus state of Gujrat (2017 (3) GLR 2353)*</u> ના ચુકાદાના પેરા નં.૨૨ અને ૨૫ ધ્યાને લેવા જરૂરી છે.

   (22.) So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial

Court.

(25.) However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

આમ, આ કેસની ઉપર ચર્ચા કર્યા મુજબની હકીકત અને નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષના ઉપરોકત ઠરાવેલ સિધધાંતને ધ્યાને લઈ આરોપીની ગેરહાજરીમાં આરોપને દોષિત ઠરાવતો ચુકાદો જાહેર કરવો અને આરોપીને સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

3. આમ, આરોપીની જવાબદારી, ગુન્હાનો પ્રકાર અને ગુન્હાનુ સ્વરૂપ લક્ષમાં લેતાં, આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુન્હામાં તકસીરવાન ઠરેલ છે ત્યારે સજા અંગે વિચાર કરતાં બે વર્ષની સજાની જોગવાઈ છે તેમજ ચેકની રકમ કરતા બમણી રકમ જેટલો દંડ કરવાની પણ જોગવાઈ છે, હાલના વર્તમન યુગમાં નાણાંકીય વ્યવહારો રોકડ રકમના બદલે ચેકથી એટલે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટથી પક્ષકારોના એકબીજાના વિશ્વાસથી થતા હોય છે એટલે કોઈ પ્રકારના કાનુની દેવાની ચુકવણી પેટે જયારે કોઈ વ્યકિત બીજી વ્યકિતને ચેક જેવું કિંમતી રોકડ રકમની અવેજીમાં ચલણ અથવા ઈન્સ્ટુમેન્ટ આપતી હોય ત્યારે તેની એ જવાબદારી છે કે, તે નાણાંની ચુકવણી થવી જોઈએ અને તે પ્રકારની કાળજી લેવી જોઈએ જો ચેક આપતા આવી

કાળજીના અભાવે અથવા ઈરાદાપૂર્વક છેતરપીંડી કરવાના કારણે આવો વિશ્વાસ ભંગ થાય અને ચેક પાછો પડે તો નાણાંકીય વ્યવહારો ખોરવાઈ જાય. આ તમામ સંજોગો રોકવા માટે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮થી ૧૪૩ની જોગવાઈ કરેલ છે. આ તમામ બાબતોને ઘ્યાનમાં લેતાં જે તે વ્યકિતએ પોતાના કાનુની લેણાં ની વસુલાત માટે ચેકથી પૈસા મેળવવાનો પ્રસંગ પડેલ ઓય તેને તે ચેક આપનારની વિશ્ર્વસનિયતાના અભાવે વેઠવુ પડેલ હોય અને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નું પાલન કરેલ હોય અને નોટીસ આપવા છતાં આરોપી તેમાં નિષ્ફળ નીવડેલ હોય કે કસુર કરેલ હોય ત્યારે સ્વાભાવિક પણે ફરીયાદીને આરોપી વિરુઘ્ઘ ફરિયાદ કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી, અને તેને કાનુની ગુચમાં, આંટી ઘુટીમાં પડવું પડે છે આમ આરોપીના આવા કૃત્યના પરિણામે છેવટે ફરિયાદીને વિકટીમ બનવુ પડે છે એટલે આરોપીને માત્ર સજા કરવાથી વિકટીમને સંતોષ ઓછો થતો નથી અને નાણાંકીય સ્થિતિમાં પણ ખોટ ભરપાઈ થતી નથી, જેથી ફરિયાદીને આર્થીક નાણાંકીય વળતર અપાવવુ જોઈએ તેવુ માનુ છુ તેમજ આરોપીને ઉપરોકત હકિકતે ચર્ચા કર્યા મુજબ હાલનાં કેસમાં મહત્તમ બે વર્ષની સજા કરી શકાય તેમ છે અને આવા ગુન્હામાં આરોપીનો ગુન્હો કરવાનો કોઈ ઈરાદો હોતો નથી પરંતુ પોતાની આર્થીક સ્થિતિને કારણે મજબુરીમાં પણ જાણે અજાણે આવો ગુન્હો કરી બેસતો હોય છે. તેમજ હાલના કેસના સંજોગોને ઘ્યાનમાં લેતા આરોપીને પ્રોબેશનનો લાભ આપી શકાય નહીં, આમ પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ–૩, ૪ કે ક્રિ.પ્રો. કોડની કલમ–૩૬૦ મુજબ આરોપીને લાભ આપવા પાત્ર કેસ નથી. આ તમામ સંજોગો ઘ્યાને

લેતા આરોપીને, સજાની સાથે ફરિયાદીને વળતર આપવું પણ ન્યાયી અને વ્યાજબી જણાતું હોય જેથી મુદદા નં.ર ના જવાબ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

<u>:: હુ ક મ :</u>

- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૫(૨) હેઠળ આરોપી આશીષકુમાર નારણભાઈ દેસાઈ, રહે–રબારી વાસ, કનીજ ગામ, તા.મહેમદાબાદ, જી.ખેડા–૩૮૭૧૨૦ નાઓને વટાવખત અધિનિયમની કલમ ૧૩૮ના શિક્ષાપાત્ર ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી ૦૬(છ માસ)ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપીને આ ગુના સબબ કોઈ અલાયદો દંડ કરવામાં આવતો નથી.
- ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૫૭(૩) અન્વયે આરોપીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેમણે આ કામના તકરારી ચેકની રકમ રૂા.૧,૮૫,૩૪૧/– (અંકે રૂપિયા એક લાખ પં ચ્યાસી હજાર ત્રણસો એકતાલીસ પુરા) નુ વળતર ફરીયાદીને ચુકવી આપવાના રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.
- વળતરની રકમ રૂા.૧,૮૫,૩૪૧/– (અંકે રૂપિયા એક લાખ પંચ્યાસી હજાર ત્રણસો એકતાલીસ પુરા) જેટલી હોઈ સદરહુ રકમ ફરીયાદીને ચુકવવા અથવા કોર્ટમાં જમા કરાવવા માટે આરોપીને દિન–૬૦ નો સમય આપવામાં આવે છે. આરોપીએ રૂા.૧,૮૫,૩૪૧/– (અંકે રૂપિયા એક લાખ પંચ્યાસી હજાર ત્રણસો એકતાલીસ પુરા) હુકમ થયાના દિન–૬૦માં ફરીયાદીને ચુકવવા અથવા કોર્ટમાં જમા કરાવવાના રહેશે.
- જો આરોપી ઉપર મુજબની વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ

કરવામાં આવે છે.

- આરોપીના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.
- હાલનો ચુકાદો જાહેર કરતાં સમયે આરોપી હાજર રહેલ ન હોઇ કેદની સજાના હુકમની અમલવારી માટે ફોજદારી કાર્યરતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૭૦(ફોર્મ–નં.ર) મુજબ આરોપી વિરુધ્ધ ધરપકડ વોરંટ જારી કરવું. વધુમાં લગત પોલીસ સ્ટેશનના પોલીસઈન્સપેકટરશ્રીને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આરોપી ઉપર વોરંટની અમલવારી તાકીદે કરવી.
- ફોજદારી કાર્યરતિ સંહિતા, ૧૯૭૩ની કલમ–૩૬૩(૧) અન્વયે આરોપીને આ હુકમની નકલ સત્વરે અને વિના મુલ્યે પુરી પાડવા કલમ–૭૦ મુજબના વોરંટની સાથે રાખી મોકલી આપવી અને આ વોરંટની અમલવારી થયેથી તરતજ આરોપીને આ હુકમની નકલ પુરી પાડવી.

હુકમ આજરોજ તા.ર૯ મી માહે જૂન સને ૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ર૯/૦૬/૨૦૨૬

અમદાવાદ

અંકિત વિષ્ણુપ્રસાદ પટેલ
વીસમાં અધિક ચીફ જ્યુ. મેજી,
કોર્ટ નં. ૩૮,
અમદાવાદ શહેર, અમદાવાદ
GJ01181

ઉ.બી.ઠાકોર